# કોરોના બેરોકટોક : રાજ્યમાં દર ૩ સેકન્ડે ૧ કેસ

## રાજ્યમાં કોરોનાના નવા ૨૪,૪૮૫ કેસ નોંધાયા : એક્ટિવ કેસ ૧ લાખને પાર : રાજ્યમાં ૧૩ લોકોના મૃત્યુ થયા : ૨૪ કલાકમાં ૧૦,૩૧૦ લોકોએ કોરોનાને માત આપી

ગાંધીનગર, તા.૨૦

રાજ્યમાં કોરોના વાયરસની ત્રીજી લહેર શરૂ થઈ ગઈ છે, જે દરરોજના કેસ પરથી ભયજનક દેખાઈ રહી છે. દરરોજ કોરોનાના કેસ નવા-નવા રેકોર્ડ બનાવી રહ્યાં છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના નવા ૨૪,૪૮૫ કેસ નોંધાયા છે. તો આ દરમિયાન ૧૩ લોકોના મૃત્યુ થયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦,૩૧૦ લોકોએ કોરોનાને માત આપી છે. તો રાજ્યમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦૧૯૯ લોકોના મૃત્યુ થયા છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૯૮૩૭, સુરત કોર્પોરેશનમાં ૨૯૮૧, વડોદરા કોર્પોરેશનમાં ૨૮૨૩, રાજકોટ કોર્પોરેશનમાં ૧૩૩૩, સુરતમાં ૭૨૮, આણંદમાં ૫૫૮, ભાવનગર કોર્પોરેશનમાં ૫૨૯, ગાંધીનગર કોર્પોરેશનમાં ૫૦૯, જામનગર કોર્પોરેશનમાં ૪૭૦, વલસાડમાં ૪૪૬, ભરૂચમાં ૪૦૮, વડોદરામાં ૩૭૧, મહેસાણામાં ૩૫૪, કચ્છમાં ૩૪૬,નવસારીમાં ૨૯૭, ગાંધીનગર ૨૨૫, મોરબીમાં ૨૦૬, રાજકોટમાં ૧૮૮, પાટણમાં ૧૮૦, બનાસકાઠા ૧૭૪, સુરેન્દ્રનગરમાં ૧૫૬, જુનાગઢ કોર્પોરેશનમાં ૧૨૯, અમરેલીમાં ૧૨૮, જામનગરમાં ૧૨૮, અમદાવાદમાં ૧૨૦, પોરબંદરમાં ૧૧૭, ખેડામાં ૧૧૨, સાબરકાંઠામાં ૧૧૧, પંચમહાલમાં ૧૧૦, દાહોદમાં ૮૨, તાપીમાં ૭૦, ભાવનગરમાં ૫૮, દેવભૂમિ દ્વારકા ૪૫, ગીરસોમનાથ ૪૦, જૂનાગઢ ૩૦, મહીસાગર ૨૪, અરવલ્લીમાં ૧૮, બોટાદમાં ૧૫, નર્મદા ૧૪, ડાંગમાં ૯ અને છોટાઉદેપુરમાં ૫ કેસ નોંધાયા છે.

ગુજરાતમાં આજે કોરોનાને લીધે ૧૩ લોકોના મૃત્યુ થયા છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૭, સુરત કોર્પોરેશનમાં ૨, જામનગર કોર્પોરેશનમાં ૧, રાજકોટમાં ૧ અને ગાંધીનગરમાં એક, ખેડામાં ૧ વ્યક્તિનું મૃત્યુ થયું છે.

ગુજરાતમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧૦૪૮૮૮ થઈ ગઈ છે. જેમાં ૧૫૬ દર્દી વેન્ટિલેટર પર છે. રાજ્યમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦૧૯૯ લોકોના નિધન થયા છે. કોરોનાની સારવાર બાદ ૮,૮૬,૪૭૬ લોકો સાજા થઈ ચુક્યા છે. રાજ્યનો રિકવરી રેટ ૮૮.૫૧ ટકા છે. રાજ્યમાં આજે ૨ લાખ ૪૭ હજાર ૧૧૧ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. ગુજરાતમાં અત્યાર સુધી ૯ કરોડ ૫૮ લાખ ૨૯ હજાર ૨૦૩ રસીના ડોઝ આપવામાં આવ્યા છે.







## અમદાવાદમાં માર્ગો પર કોરોના ટેસ્ટિંગ ડોમ ફરીથી શરૂ કરવાનો નિર્ણય

**ટેસ્ટિંગ ડોમ ઉપર ભીડ વધતા મહત્વનો નિર્ણય : વધી રહેલા કોરોના સંક્રમણને જોતા ટેસ્ટિંગ ડોમ ઉપર ૫૦ કીટ અપાતી હતી, હવે ૧૦૦ થી વધુ કીટ અપાશે**

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં કોરોના કાળો કહેર વર્તાવી રહ્યો છે. કોરોનાને કારણે અમદાવાદમાં અફરાતફરી મચી છે. કોરોનાના કેસ વધતા હવે શહેરમાં ઠેર-ઠેર ટેસ્ટિંગ માટે લાઈનો લગાવી રહ્યાં છે. તંત્ર દ્વારા ઉભા કરાયેલાં ટેસ્ટિંગ ડોમમાં લોકોની લાંબી કતારો જોવા મળી રહી છે. આ સાથે જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ શહેરમાં માર્ગો પર કોરોના ટેસ્ટિંગ ડોમ ફરીથી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના કારણે લોકોને ફરીથી શહેરમાં કોરોના ડોમ દેખાઈ રહ્યા છે. અમદાવાદમાં કોરોનાનું સંક્રમણ વધતાં કોર્પોરેશન દ્વારા મોટો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટેસ્ટિંગ ડોમ ઉપર ભીડ વધતા મહત્વનો નિર્ણય લેવાયો છે. વધી રહેલા કોરોના સંક્રમણને જોતા ટેસ્ટિંગ ડોમ ઉપર હવેથી વધુ કીટ આપવામાં આવશે. અત્યાર સુધી ૫૦ કીટ અપાતી હતી, હવે ૧૦૦ થી વધુ કીટ આપવામાં આવશે. ટેસ્ટિંગ ડોમ ઉપર સાંજે ૪.૩૦ સુધી કોરોના ટેસ્ટ થઈ શકશે. જ્યારે છ૨ઝ ના ૧૦ કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ઉપર રાતના ૧૦ વાગ્યા સુધી ટેસ્ટ થશે. તમામ ૧૦ સેન્ટરો પર ટેસ્ટિંગ સમયની સૂચના મુકવાની રહેશે. કારોબારી સમિતિમાં આ મહત્વનો નિર્ણય લેવાયો છે.

રાજ્યમાં કોરોના વિસ્ફોટ થઈ ચૂક્યો છે. કોરોનાની ત્રીજા વેવની આશંકા સેવવામાં આવી રહી હતી, જે હવે ધીમેધીમે સાચી સાબિત થઈ રહી છે. દરરોજ કેસમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે ગુજરાત સહિત સમગ્ર દેશ-દુનિયામાં કોરોના સામે લડવા માટે કોરોના વેક્સિનેશન એકમાત્ર આપણી પાસે ઉપાય છે.

## છાલા પાસે સ્વીફ્ટ કારમાંથી ૬૦ બોટલ દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૦

ચિલોડા-હિંમતનગર હાઈ વે માર્ગ પર છાલા ગામ પાસેથી સ્વીફટ કારમાંથી પોલીસે દારૂની ૬૦ બોટલ પકડી પાડી છે. પોલીસે દારુ, ૨ મોબાઈલ, અને રૂ.૫ લાખની કાર મળી કુલ રૂ.૬.૧૯.૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી બે શખ્સો સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે આગમન હોટલ થી ચિલોડા તરફ રોંગ સાઈડ સ્વીફટ કાર શંકાસ્પદ રીતે જઈ રહી હતી. જેથી પોલીસે પીછો કરી છાલા પાસે સ્વીફટ કારને ઉભી રખાવી દીધી હતી. ગાડી નં. જી.જે.૦૧. કે.ઝેડ.-૯૮૯૬ માં સવાર શખ્સનું નામ પુછતા તેણે અમિત સિંહ મુરલીધર કિષ્નાવત (ઉં.૩૫ રહે. પ્લોટ નં.૧૦૦ ગીરીરાજ વિહાર, ગાંધી પથ ભુરા પટેલ માર્ગ જયપુર રાજસ્થાન) અને બીજા વ્યકિતએ પોતાનું નામ સંદિપ અશોકકુમાર રામનારાયણ શર્મા (ઉં.૨૭, રહે.બુધરકો વાસ ઝોટવાડા જયપુર સીટી રાજસ્થાન) જણાવ્યું હતું. પોલીસે સ્વીફટ કારમાં તપાસ કરતા રૂ.૯૯,૬૦૦ ની કિંમતનો વિવિધ બ્રાન્ડનો ૬૦ બોટલ દારુ, રૂ.૫ લાખની કાર, રૂ.૨૦ હજારના બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.૬,૧૯,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી બે શખ્સો સામે પ્રોહીએકટ મુજબનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ઉત્તરકાશી ખાતે નિઃશુલ્ક બેઝીક અને એડવાન્સ પર્વતારોહણ તાલીમ કોર્સ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યના યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર અંતર્ગત કાર્યરત સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, સાધના ભવન માઉન્ટ આબુ દ્વારા માર્ચ ૨૦૨૨થી ઓક્ટોબર ૨૦૨૨ દરમિયાન નેહરૂ ઈન્સ્ટીટ્યુટ ઓફ માઉન્ટેનીયરીંગ ઉત્તરકાશી ખાતે નિઃશુલ્ક બેઝીક અને એડવાન્સ પર્વતારોહણ તાલીમ કોર્સનું આયોજન કરવામાં આવ્યુ છે તેમ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશનરશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

આ યાદીમાં જણાવ્યા અનુસાર રાજ્યના વધુમાં વધુ ૪૫ વર્ષની વય મર્યાદા ધરાવતા વ્યક્તિઓએ તારીખ ૫ મી ફેબ્રઆરી-૨૦૨૨ સુધીમાં અરજી કરવાની રહેશે. આ તાલીમમાં જોડાવવા ઈચ્છુક લોકોએ સાદા કાગળમાં અરજી કરવાની રહેશે. જેમાં પોતાનું પુરું નામ, સરનામું, ટેલિફોન નંબર, જન્મતારીખ, ઈ-મેઈલ એડ્રેસ, શૈક્ષણિક લાયકાત (માન્ય યુનિવર્સિટીની સ્નાતકની પદવી ધરાવતા હોવા જોઈએ) વગેરે દર્શાવવાનું રહેશે. તદઉપરાંત શારીરિક તંદુરસ્તી અંગેનું તબીબી પ્રમાણપત્ર, ગુજરાતના વતની હોવાનો દાખલો, વાલીની સંમતિ, જન્મ અને રહેઠાણનો પૂરાવો, કોવિડ રસીના બન્ને ડોઝ લીધા હોય તેવું પ્રમાણપત્ર, ખડક ચઢાણનો કોચિંગ કોર્સ સફળતાપુર્વક પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર વગેરે અરજી સાથે જોડવાનાં રહેશે. ઉપરાંત માઉન્ટ આબુ/જુનાગઢ ખાતે માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવાઓ આપી હોય તો તેની વિગતો દર્શાવવાની રહેશે.

## 'આઝાદીના અમૃત મહોત્સવથી સ્વર્ણિમ ભારત તરફ' પ્રજાપિતા બ્રહ્માકુમારીઝના અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા સહભાગી થયા**

ગાંધીનગર, તા. ૨૦

પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ દ્વારા પ્રજાપિતા બ્રહ્માની ૫૩મી પૂણ્યતિથી અવસરે 'આઝાદી કે અમૃત મહોત્સવ સે સ્વર્ણિમ ભારત કી ઓર' અભિયાનનો રાષ્ટ્રિય લોકાર્પણ સમારોહ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કરાવ્યો હતો.

પ્રધાનમંત્રીએ આ ઉજવણીને સુવર્ણ ભારત માટેની લાગણી, ભાવના અને પ્રેરણાના ઉદાહરણરૂપ અવસર ગણાવ્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ સમારોહમાં લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, રાજસ્થાનના રાજ્યપાલ કલરાજ મિશ્ર, કેન્દ્રીય મંત્રીઓ સર્વ જી. કિશન રેડ્ડી, ભૂપેન્દ્ર યાદવ, અર્જુન મેઘવાલ, પુરૂષોત્તમ રૂપાલા અને રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત વગેરે સાથે વર્ચ્યુઅલ માધ્યમથી સહભાગી થયા હતા.

ભૂપેન્દ્ર પટેલે સમાજ જીવનમાં મનની શાંતિ, ચિત્તની સ્થિરતા, આત્માની શુદ્ધિ અને વર્તનમાં પવિત્રતા માટે બ્રહ્માકુમારીઝના બંધુ-ભગિનીઓ અને અનુયાયીઓના યોગદાનની સરાહના કરી હતી.




મુખ્યમંત્રીએ દેશ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના પ્રેરણા માર્ગદર્શનમાં આઝાદીનો અમૃત મહોત્સવ-સ્વતંત્રતાના ૭૫ વર્ષ ઉજવી રહ્યો છે ત્યારે બ્રહ્માકુમારીઝના આ અભિયાનોને તેમાં નવું બળ પુરૂં પાડનારા ગણાવ્યા હતા.

તેમણે કહ્યું કે આ અમૃત મહોત્સવ ઈતિહાસના સ્મરણો સાથે વર્તમાનનો પથ પ્રશસ્ત કરીને સ્વતંત્રતાની શતાબ્દીની ઉજવણીની કેડી કંડારવાનો અવસર બનશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે આપણી સ્વતંત્રતાનો ભવ્ય ઈતિહાસ તથા સમૃદ્ધ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસો આપણે નવી પેઢીને આપવાનો છે. બ્રહ્માકુમારીઝ જેવી સંસ્થાઓ માનવીય મૂલ્યોના સંસ્કાર સિંચનથી આ દિશામાં મહત્વનું કામ કરી રહી છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રી સહિત સૌ મહાનુભાવો અને વિશ્વભરના પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ અનુયાયીઓએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈનો પ્રેરણાત્મક સંદેશ આ અવસરે ઝિલ્યો હતો.




શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ વધી રહ્યો છે. રખડતા ઢોરો પકડવા માટે ગાંધીનગર મનપા દ્વારા અનેક પગલાં લેવામાં આવે છે. પરંતુ રખડતા ઢોરોનો ત્રાસ ઓછો થતો નથી, સેકટર-૭ માર્કેટમાં રખડતી ગાયોથી વસાહતીઓ ત્રસ્ત બન્યા છે.

## ડીસા તાલુકાના અજાપુરા પાસે જીપ અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો

ડીસા તાલુકાના અજાપુરા ગામ પાસે જીપ અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમાં સવાર ચાર લોકોને ઈજાઓ થતા સારવાર અર્થે ડીસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી માર્ગ અકસ્માતના બનાવમાં સતત ચિંતાજનક વધારો થઈ રહ્યો છે ખાસ કરીને વાત કરવામાં આવે તો રાત્રિના સમયે બનાસકાંઠા જિલ્લામાં ગંભીર અકસ્માતો સર્જાઈ રહ્યા છે જેમાં અત્યાર સુધી અનેક માસુમ જિંદગીઓ વારંવાર સર્જાતા અકસ્માતમાં મોતને ભેટી છે ત્યારે તાજેતરમાં જ ડીસા તાલુકાના અજાપુરા ગામ પાસે બનાસ ડેરીની જીપ અને ઈકબાલગઢ તરફથી લગ્નની ખરીદી કરીને ડીસા તરફ આવી રહેલ કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર અમરતભાઈ જગદીશભાઈ પઢીયાર, ભાર્ગવ નટવરલાલ પઢીયાર, અર્ચનાબેન અમરતલાલ પઢીયાર અને આરાધ્યા અમરતલાલ પઢીયારને નાની-મોટી ઈજાઓ થઈ હતી.જેમને સારવાર અર્થે ડીસાની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં બંને ગાડીઓના કુરચેકુરચા નીકળી ગયા હતા. અકસ્માત સર્જાતા આજુબાજુના લોકો પણ તાત્કાલીક દોડી આવ્યા હતા અને અકસ્માતમાં ગાડીમાં ફસાયેલા તમામ લોકોને બહાર નીકાળવામાં આવ્યા હતા આ અકસ્માતમાં સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી.

## પાલનપુર નગરપાલિકા દ્વારા બાકી વેરા વસુલાત વધુ વેગવંતી બની

**પાલિકા દ્વારા બાકી વેરા પેટે વધુ ૧૦ મિલ્કતોના પાણી કનેક્શન કપાયા**

પાલનપુર તા.

પાલનપુર નગરપાલિકા હદ વિસ્તારમાં વસતા તમામ લોકો કે જેના નગરપાલિકાના જુદાજુદા વેરા ભરવાના બાકી હોય તેવા લોકો સામે પાલિકાના ઉત્સાહી યુવા મહિલા પ્રમુખ શ્રીમતી હેતલ રાવલ ઉપપ્રમુખ શ્રી હસમુખ પઢીયાર તથા કારોબારી સમિતિ ચેરમેન શ્રી દીપક પટેલ અને પાલિકામાં નવનિયુક્ત ઉત્સાહી મુખ્ય અધિકારી શ્રી ગૌરાંગ પટેલ ની બેઠકમાં બાકીદારોને તાકીદે વેરા ભરવા જાહેર અપીલ કરાઇ હતી.

જેના પગલે છેલ્લા પંદર દિવસથી શહેરમાં જેના ઘેરા બાકી હોય તેવા લોકો સામે પાલનપુર નગરપાલિકાની બાકી વેરા વસુલાત ઝુંબેશ વધુ વેગવંતી બની છે. પાલિકા દ્વારા બાકી કરવેરા પેટે ૧૦ મિલ્કતધારકોને પાણી કનેક્શન કાપવા ની સાથે સ્થળ પર જ રૂ.૩ લાખની વેરા વસુલાત કરવામાં આવી હતી.

પાલનપુર નગરપાલિકાના ચીફ ઓફિસર અને કારોબારી ચેરમેનના આદેશ અન્વયે પાલિકાના ટેક્ષ વિભાગ દ્વારા ૨૦૨૨ના પ્રારંભે આજરોજ તારીખ ૧/૧/૨૦૨૨ ના રોજ પાલનપુર નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રહેણાંક વિસ્તારના સાત સંચા ડાભી વાસ, વણકરવાસ, શ્રીમાળી વાસ, ચમાર વાસ, કસ્બાવાસ, કસાઇ વાસના રહેણાંક મકાનોના બાકી વેરા પેટે કુલ ૧૦ મિલકતના પાણીના કનેક્શન કાપવામાં આવ્યા હતા.



### 3 લાખને પાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે, વધુ ૪૯૧ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક ૪,૮૭,૬૯૩ થઈ ગયા છે. મંત્રાલય દ્વારા જણાવ્યા પ્રમાણે ઓમિક્રોનના બુધવારે નોંધાયેલા કેસ સામે એક દિવસમાં ૩.૬૩ ટકાનો વધારો થયો છે. એક્સપર્ટ્સનું કહેવું છે કે કોરોનાના દરેક પોઝિટિવ દર્દીના ઓમિક્રોન વેરિયન્ટ માટે જીનોમ સિક્વન્સિંગ શક્ય નથી, પરંતુ એ સ્પષ્ટ છે કે નવા કેસમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે.

ભારતમાં નોંધાયેલા કોરોનાના કુલ કેસની સામે એક્ટિવ કેસની ટકાવારી ૫.૦૩ ટકા થાય છે, જ્યારે ભારતનો કોરોના રિકવરી રેટ ૯૩.૦૯ ટકા પર પહોંચ્યો છે.

### તેમના સુધી પહોંચો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા અને વળતરની અરજી દાખલ કરી કારણ કે સંબંધિત સરકારોએ આ યોજનાની જાગૃતિને લઈને તેનો વ્યાપક પ્રચાર કર્યો છે. કોર્ટે આગળ કહ્યું કે "જે રાજ્યોમાં દાવાની અરજીઓની સંખ્યા સત્તાવાર મૃત્યુના આંકડા કરતાં ઓછી છે તે કેવી રીતે હોઈ શકે. જેનો અર્થ સ્પષ્ટ છે કે આ લોકોમાં માહિતીના અભાવને કારણે છે અને રાજ્યોએ માહિતીના પ્રસાર માટે પગલાં લેવા પડશે. રાજ્ય સરકારો પગલાં લઈ રહી નથી અને અમારે તે પરિવારો સુધી પહોંચવા માટે રાજ્ય અને જિલ્લા કાનૂની સેવા ઓથોરિટિઝની મદદ લેવી પડશે. રાજ્યો પરિવારોને મદદનો હાથ લંબાવવા માટે આ મુદ્દા સાથે વ્યવહાર કરવામાં સંવેદનશીલતા દર્શાવી રહ્યાં નથી, જેથી ઘણા લોકો મુશ્કેલીમાં છે. કેટલાક રાજ્યોને મળેલી કોવિડ વળતર દાવાની અરજીઓની સંખ્યા તેમના સત્તાવાર મૃત્યુઆંક કરતાં ઘણી વધારે છે. કેન્દ્ર દ્વારા સંકલિત કરવામાં આવેલા ડેટા મુજબ, આસામ, હરિયાણા, કર્ણાટક, પંજાબ અને રાજસ્થાન સહિત કેટલાક રાજ્યોમાં સત્તાવાર રીતે જાહેર કરાયેલ કોવિડ મૃત્યુની સંખ્યા કરતાં દાવા માટે કરવામાં આવેલ અરજીઓની સંખ્યા ઓછી છે.

### એક્સ-રેથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તકનીક સ્કેનની સરખામણીએ ૩,૦૦૦ કરતાં વધારે છબિઓના ડેટાબેઝ માટે એક્સરે તકનીકનો ઉપયોગ કરે છે જે કોરોનાના દર્દીઓ, સ્વસ્થ વ્યક્તિઓ અને વાયરલ ન્યૂમોનિયા સાથે સંબંધિત છે.

આ તકનીકમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) પ્રક્રિયાની મદદ લેવામાં આવે છે જે દૃશ્ય આકારણીનું વિશ્લેષણ કરવા અને નિદાન કરવા માટે એક અલ્ગોરિધમનો ઉપયોગ કરે છે. યુડબલ્યુએસના વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે, એક વ્યાપક પરીક્ષણના તબક્કા દરમિયાન આ તકનીક ૯૮ ટકા કરતાં પણ વધારે સચોટ સાબિત થઈ.

પ્રોફેસર રમજાને જણાવ્યું કે, અનેક દેશ સીમિત નિદાન ઉપકરણોના કારણે મોટી સંખ્યામાં કોવિડ પરીક્ષણ કરવા અસમર્થ છે. પરંતુ આ સંશોધનના કારણે વાયરસને ઝડપથી ઓળખી શકાશે. વાયરસના ગંભીર કેસના નિદાન દરમિયાન તે મહત્વપૂર્ણ અને સંભવિતરૂપે જીવનરક્ષક સાબિત થઈ શકે છે. જોકે તેમણે સ્વીકાર્યું હતું કે, સંક્રમણના પ્રારંભિક તબક્કા દરમિયાન એક્સરેમાં કોવિડ-૧૯ના લક્ષણ નથી દેખાતા માટે તે પીસીઆર પરીક્ષણોનું સંપૂર્ણ સ્થાન ન લઈ શકે.

### રાજીનામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિધાનસભાની ચૂંટણીઓને અનુલક્ષીને હાથ ધરવામાં આવી હોવાનું ચર્ચાઇ રહ્યું છે જે અંતર્ગત પક્ષમાં નિષ્ટાથી કાર્યરત અગ્રણી હોદેદારો-કાર્યકરોને ચુંટણી પહેલાં તેમના યોગદાન બદલ શિરપાવ આપીને પ્રોત્સાહિત કરી ચુંટણીની વૈતરણી માટે સજ્જ કરવા તેમજ જેઓ ટિકીટના દાવેદાર થઈ શકે છે અને ટિકીટ ના અપાય તો નારાજ થઈ શકે છે પરંતુ તેમની ટિકીટ કાપતાં પહેલાં જ તેમને "સાચવી" લેવાની ગોઠવણના ભાગરૂપે આ કવાયત હાથ ધરવામાં આવી હોવાનું રાજકિય પંડિતોમાં ચર્ચાઇ રહ્યું છે.



આજ રોજ ડીસા શહેર ભાજપ મંડળની મિટિંગ યોજાઈ હતી આ બેઠકમાં પૂર્વ ડાયરેક્ટર યાત્રાધામ વિકાસ બોર્ડ ગણપતભાઈ જોશીએ બેઠક લીધી હતી જેમાં જિલ્લાના ઉપપ્રમુખ રીટાબેન પટેલ, શહેર પ્રમુખ પ્રતિકભાઈ પઢીયાર, મહામંત્રી રાકેશભાઈ પટેલ, હકમજી જોશીની સાથે ડીસા શહેરના અગ્રણી કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.